# આપણું યુજીવીસીએલ

અંક-૨૦, જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૧૩




## યુજીવીસીએલે પ્રાપ્ત કર્યો ગ્રીનેસ્ટ ડિસ્કોમનો રનર્સ-અપ એવોર્ડ



યુજીવીસીએલ દ્વારા ૬૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



ઉત્તરાખંડના આપત્તિગ્રસ્તોની મદદે યુજીવીસીએલ



ઈન્ટર કંપની બ્રીજ ટુર્નામેન્ટમાં જીસેક ચેમ્પિયન

વર્ષ-૩ અંક-૨૦, જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૧૩
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી એસ. આર. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રીમતી છાયાબેન દેસાઈ, ઇજનેર (ઓપરેશન)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઈનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી પી. જે. ત્રિવેદી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એમ. બી. જાકાસણીયા, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એ. કે. મંગલ, અધિક્ષક ઇજનેર, પાલનપુર
શ્રી એચ.એમ. રામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી બી. પી. બુચ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઇલ આઇડી પર મોકલી શકો છો.

**cs@ugvcl.in**
**managercc@ugvcl.in**
**sanaik_41262@yahoo.co.in**
**cccell@ugvcl.com**

સંકલન : ૨૦/૦૯/૨૦૧૩

## આ અંકમાં

**એવોર્ડ**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડે પ્રાપ્ત કર્યો ગ્રીનેસ્ટ ડિસ્કોમનો રનર્સ-અપ એવોર્ડ.......... ૦૪
**ઉજવણી**
૬૭મા સ્વાતંત્ર્ય દિનની યુજીવીસીએલ દ્વારા ઉજવણી.......... ૦૬
**કારકિર્દી**
ગુજરાત વિદ્યુત બોર્ડથી કંપનીકરણના ઇતિહાસમાં પ્રથમ મહિલા મુખ્ય ઇજનેર શ્રીમતી છાયાબહેન આર. દેસાઈનો કારકિર્દી પરિચય.......... ૦૯
સેવા નિવૃત્ત મુખ્ય ઇજનેર શ્રી ડી.સી.પરમાર અને વિશેષ મુખ્ય ઇજનેર શ્રી ડી.એસ. પટેલને ભાવભરી વિદાય.......... ૦૯
**બ્રીજ**
ઇન્ટર કંપની બ્રીજ ટુર્નામેન્ટમાં જીસેક ચેમ્પિયન.......... ૧૦
**બેડમિન્ટન**
બેડમિન્ટન ટુર્નામેન્ટમાં પુરુષ વિભાગમાં ચેમ્પિયન બનતા શ્રી કમલ સિંઘી અને મહિલા વિભાગમાં શ્રીમતી દિનાબહેન જે. રાવલ.......... ૧૨
**કબડ્ડી**
ઇન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટમાં સતત બીજા વર્ષે હિંમતનગર ચેમ્પિયન.......... ૧૪
**આપત્તિ**
ઉત્તરાખંડના આપત્તિગ્રસ્તોની મદદે યુજીવીસીએલ.......... ૧૬
**ગૌરવ**
યુજીવીસીએલ પરિવારનું ગૌરવ.......... ૧૭
**વાર્તા**
રિટાયર્ડમેંટ .......... ૧૮
એક ગુલાબ.......... ૧૮
**કાવ્યધારા**
તારા વિના.......... ૧૯
તુ, તુ અને ફક્ત તું જ.......... ૧૯
દિલનું સ્થાન દિમાગને આપતો હું.......... ૧૯



**સહિયારા પ્રયાસોથી ગૌરવપ્રદ કામગીરી કરવી તેમ જ રાષ્ટ્ર વિકાસમાં યોગદાન આપવું એ આપણી કંપનીની ઉજ્જવળ પરંપરા રહી છે.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

સહિયારા પ્રયાસોથી ગૌરવપ્રદ કામગીરી કરવી તેમ જ રાષ્ટ્ર વિકાસમાં યોગદાન આપવું એ આપણી કંપનીની ઉજ્જવળ પરંપરા રહી છે. એ જ દિશામાં આપણી કંપનીએ 'ઇન્ડિપેન્ડન્ટ પાવર પરચેઇઝ એસોસિએશન ઓફ ઇન્ડિયા' (IPPAI) તરફથી 'ગ્રીનેસ્ટ ડીસ્કોમ'નો એવોર્ડ મેળવ્યો છે. આપણી કંપનીએ ગ્રીન પાવર ખરીદીમાં ૧૧૬૮ એમ.યુ.ના લક્ષ્યાંક સામે ૧૨૨૪ એમ.યુ.નો લક્ષ્યાંક સિદ્ધ કરીને આ સન્માન મેળવ્યું છે. આપ સૌ કર્મચારીઓને અભિનંદન પાઠવું છું, અલગ અલગ કામગીરીથી આપણે એવોર્ડ મેળવવા પાત્ર કામગીરી કરી રહ્યા છીએ તેનું મને ગૌરવ છે.

રાષ્ટ્રવિકાસ સાથે, આફતના સંજોગોમાં આફતગ્રસ્તોની મદદ કરવામાં પણ આપણી કંપની અગ્રેસર રહી છે. તાજેતરમાં ઉત્તરાખંડમાં ચોમાસા દરમ્યાન આવેલ આપત્તિ સમયે, આપણી કંપનીએ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શન મુજબ ૫૦૦ પેકેટ દ્વારા રાહત સામગ્રી મોકલવાની કામગીરી આપણે ત્વરિત પૂર્ણ કરી. આ રીતે માનવતાના કાર્યમાં પણ કંપનીને સેવાનો મોકો મળ્યો અને આપણે તેને યથાર્થ પૂર્ણ કરી શક્યા એ સંતોષની વાત છે.

આ વર્ષે ચોમાસુ સારું રહેવાથી આપની કામગીરી વધુ સારી રહે તેવી અપેક્ષા રાખું છું. ભાદરવી પૂનમના મેળા દરમ્યાન દર વર્ષની જેમ આ વર્ષે પણ વિના વિક્ષેપ વીજ વિતરણ કરીને આપણી આયોજનબદ્ધ કામગીરીના પરિચય આપણે પદયાત્રાળુઓને આપેલ છે.

આપણે ૧૫મી ઓગસ્ટે ટેકનિકલ કર્મચારીઓને તેમની પ્રશંસનીય કામગીરી માટે સન્માનિત કરવાની શરૂઆત કરી છે. જેમાંથી પ્રેરણા લઇને આગામી દિવસોમાં અન્ય કર્મચારીઓ પણ પ્રોત્સાહિત થઈ 'ગ્રાહકને સંતોષ' આપી શકાય તે માટે પ્રયત્નશીલ રહેશે તેવી અપેક્ષા રાખું છં.

**એન. શ્રીવાસ્તવ**, આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૦૯-૨૦૧૩**




# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડે પ્રાપ્ત કર્યો ગ્રીનેસ્ટ ડિસ્કોમનો રનર્સ-અપ એવોર્ડ

**રાષ્ટ્રવિકાસમાં અમૂલ્ય યોગદાન આપવા સતત સક્રિય આપણી કંપનીએ ગ્રીન પાવર ખરીદીમાં નોંધપાત્ર લક્ષ્યાંક સિદ્ધ કરીને વધુ એક રાષ્ટ્રીય સ્તરનો એવોર્ડ મેળવ્યો છે.**

તા. ૩૦/૦૮/૨૦૧૩ના રોજ ગોવા ખાતે ઇન્ડિપેન્ડેન્ટ પાવર પરચેઝ એસોશિયેશન ઓફ ઇન્ડિયા (IPPAI) દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ને ગ્રીનેસ્ટ ડિસ્કોમનો રનર્સ-અપ એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

આ એવોર્ડ ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ને ફાળવવામાં આવેલ 'ગ્રીન પાવર' ખરીદીના ૧૧૬૯ એમયુના લક્ષ્યાંક સામે ૧૨૨૪ એમયુનો લક્ષ્યાંક હાંસલ કરવા બદલ એનાયત કરવામાં આવેલ છે. જે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન.શ્રીવાસ્તવ અને મુખ્ય ઇજનેર શ્રીમતી સી.આર. દેસાઈના હસ્તે સ્વીકારવામાં આવેલ છે.

આ એવોર્ડ પ્રથમ સ્થાને મહારાષ્ટ્ર સ્ટેટ ઇલેક્ટ્રીસીટી ડિસ્ટ્રિબ્યુશન કંપની વિજેતા તરીકે ઘોષિત કરીને એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.

રાષ્ટ્રના ઊર્જા ક્ષેત્રમાં વિવિધ કાર્યક્ષેત્રોમાં વિશેષ અને નોંધપાત્ર પ્રદાન અંગે IPPAI દ્વારા શ્રી દેવેન્દ્ર ચૌધરી, એડિશન સેક્રેટરી (પાવર) વીજ મંત્રાલય, ભારત સરકારની અધ્યક્ષતામાં તેમજ શ્રી હરી ધ્રોલ, ડાયરેક્ટર જનરલ (IPPAI), પ્રો.એલ.એલ.રાવ, ભૂતપૂર્વ (CERC) અને શ્રી વી.સુબ્રમણ્યમ, ભૂતપૂર્વ સેક્રેટરી, ન્યુ રિન્યુએબલ એનર્જી મંત્રાલય, ભારત સરકારની હાજરીમાં સદર સમારંભનું આયોજન કરવામાં આવેલ.

**સદર એવોર્ડ સમારંભમાં નીચે દર્શાવેલ ૧૬ પ્રકારના કાર્યક્ષેત્રમાં એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.**

૧. બેસ્ટ સોલાર પાવર પ્રોડ્યુસર એવોર્ડ
૨. બેસ્ટ વિન્ડ પાવર પ્રોડ્યુસર એવોર્ડ
૩. બેસ્ટ થર્મલ પાવર પ્રોડ્યુસર એવોર્ડ
૪. બેસ્ટ હાઈડ્રો પાવર પ્રોડ્યુસર એવોર્ડ
૫. બેસ્ટ પાવર ટ્રાન્સમિશન કંપની (રાજ્ય કક્ષા)
૬. મોસ્ટ ઇમ્પ્રુવડ પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપની એવોર્ડ
૭. મોસ્ટ પ્રોગ્રેસીવ સ્ટેટ ઇન પાવર સેક્ટર એવોર્ડ
૮. ફાસ્ટેસ્ટ ગ્રાઇંગ રૂરલ ડોમેસ્ટીક ઇલેક્ટ્રીફીકેશન છેલ્લા એક દશક




(૨૦૦૧-૨૦૧૦)

૯. બેસ્ટ એનર્જી સર્વિસ કંપની (ESCOs) એવોર્ડ

૧૦.ગ્રીનેસ્ટ ડિસ્કોમ એવોર્ડ

૧૧.બેસ્ટ પફર્મિંગ SLDCની સાઉથ રીજીઅન એવોર્ડ

૧૨.બેસ્ટ પફર્મિંગ SLDCની નોર્થન રીજીઅન એવોર્ડ

૧૩.બેસ્ટ પફર્મિંગ SLDCની વેસ્ટર્ન રીજીઅન એવોર્ડ

૧૪.બેસ્ટ પફર્મિંગ SLDCની ઇસ્ટર્ન રીજીઅન એવોર્ડ

૧૫.SERCs ફોર ટ્રાન્સફરન્સી એન્ડ ફોસ્ટરીંગ કોમ્પિટિશનનો ખાસ એવોર્ડ

૧૬.ખાસ એવોર્ડ (૧) લાઇફ ટાઇમ એચીવમેન્ટ એવોર્ડ (૨) ૨૧મી સદીનો પાવર બિઝનેશ એવોર્ડ

**એવોર્ડ વિજેતા નીચે મુજબના જયુરી સભ્યો દ્વારા નક્કી કરવામાં આવેલ છે.**

૧. પ્રો. એલ.એલ. રાવ, ભૂતપૂર્વ ચેરમેન (CERC)

૨. શ્રી અનિલ રાઝદાન, ભૂતપૂર્વ સેક્રેટરી, વીજ મંત્રાલય

૩. શ્રી અજય શંકર, ભૂતપૂર્વ સેક્રેટરી, ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રીયલ પોલીસી એન્ડ પ્રમોશન મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

આ સમારંભમાં એનાયત કરવામાં આવેલ જુદા જુદા એવોર્ડ અંતર્ગત જે તે વિભાગના વિશેષ યોગદાન અંગે એવોર્ડ જયુરીના ચેરમેનશ્રી એસ.એલ. રાવલ દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવેલ.

IPPAI દ્વારા જણાવ્યા પ્રમાણે સદર કાર્યક્રમ નોન પાર્ટીશન એવોર્ડ પ્રોગ્રામ છે કે જે, ઇન્ડિયન સ્ટેટ્સ એન્ડ ઇન્ડિયન સ્ટેટ ઇલેક્ટ્રીસીટી રેગ્યુરેટરી કમીશનના પ્રદાનની માહિતી આપે છે, કે જેમણે વીજક્ષેત્રે વિકાસમાં નોંધપાત્ર પ્રદાન આપ્યુ હોય.

**આ એવોર્ડ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને ફાળવવામાં આવેલ ગ્રીન પાવર ખરીદીના ૧૧૬૯ એમયુના લક્ષ્યાંક સામે ૧૨૨૪ એમયુનો લક્ષ્યાંક હાંસલ કરવા બદલ એનાયત કરવામાં આવેલ છે. જે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન. શ્રીવાસ્તવ અને મુખ્ય ઇજનેર શ્રીમતી સી.આર. દેસાઈના હસ્તે સ્વીકારવામાં આવેલ છે.**

IPPAI દ્વારા વીજ વિતરણ સંસ્થા તથા એનર્જી ક્ષેત્ર પોલીસી બનાવનાર, ઇલેક્ટ્રીસીટી બોર્ડ, ફાઇનાનસીયલ ઇન્ડસ્ટ્રીઝ તથા મિનિસ્ટ્રી ઓફ પાવર ડેવલપમેન્ટ, ઇન્ડિયન તથા મલ્ટિનેશનલ કંપનીઓ, સંશોધનો બનાવનાર વગેરે વચ્ચે વિકાસની તકો માટેનું મંચ પૂરું પાડે છે. ■

# ૬૭મા સ્વાતંત્ર્ય દિનની યુજીવીસીએલ દ્વારા ઉજવણી



તા. ૧૫-૮-૨૦૧૩ના રોજ દર વર્ષની જેમ સ્વાંતંત્ર્ય દિનની ઉજવણીનું આયોજન કોર્પોરેટ ઓફિસના પટાગણમાં કરવામાં આવેલ.

સિક્યુરીટી ઇન્સ્પેક્ટર શ્રી વ્યાસની દોરવણી હેઠળ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવને ધ્વજવંદન માટે લઈ જવામાં આવેલ. ધ્વજ લહેરાવીને સમૂહમાં રાષ્ટ્રગીત ગાઇને ધ્વજને સલામી આપવામાં આવેલી. કાર્યપાલક સહાયક શ્રી એસ. ભટ્ટાચાર્ય દ્વારા દેશભક્તિના ગીતો ગાઇને દેશભક્તિનું વાતાવરણ સર્જવામાં આવેલ.

ઉજવણી પ્રસંગે વિવિધ ક્ષેત્રમાં યશસ્વી કામગીરી બજાવનાર કર્મચારીઓ તેમજ તેઓના બાળકોનું વિશેષ સન્માન કરવામાં આવેલ. જેમાં તાંત્રિક વિભાગમાં કરેલ મહત્ત્વની કામગીરી અંગે, રમત-ગમત ક્ષેત્રે ખાસ પ્રસિદ્ધિ મેળવેલ હોય તેવા કર્મચારીઓ, શૈક્ષણિકક્ષેત્ર સફળતા મેળવેલ કર્મચારીઓના બાળકો, ઉત્તરાખંડના આપત્તિગ્રસ્તો માટે કરવામાં આવેલ રાહતની ત્વરિત કામગીરી અંગેનો સમાવેશ કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીની મેનેજિંગ ડિરેક્ટર શ્રી દ્વારા સ્ટોર ખાતે નવનિર્મિત કચેરીની રિબન કાપીને લોકાર્પણ કરવામાં આવેલું. કાર્યક્રમ બાદ આમંત્રિત મહેમાનો તથા કર્મચારી પરિવારના સભ્યો સાથે હળવો નાસ્તો કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કે.ડી. બારોટ, નાયબ ઇજનેર દ્વારા કરવામાં આવેલ.

**મેનેજિંગ ડિરેક્ટર શ્રી દ્વારા કરવામાં આવેલ ઉદ્‌બોધન અક્ષરશઃ** ૬૭મા સ્વાતંત્ર્ય દિન નિમિતે ઉપસ્થિત તમામ ભાઈઓ, બહેનો અને બાળકોને ખૂબ-ખૂબ અભિનંદન.

આપણે સ્વતંત્રતા, સ્વશાસન અને સુશાસન માટે પ્રાપ્ત કરી છે. આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓએ અપ્રતિમ બલિદાનો, ત્યાગ અને પરિશ્રમ દ્વારા તે પ્રાપ્ત કરી છે. સુશાસન સ્વતંત્રતાની સાથે સાથે મળતું નથી પરંતુ તે મેળવવા માટે દુરંદેશી, સંયમ, પરસ્પરના મતભેદો ભૂલાવીને, એકતા જાળવીને તેમજ ત્યાગ દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે.

સરકારની દુરંદેશીભરી નીતિના કારણે ગુજરાત વિદ્યુત બોર્ડનું વિભાજન વર્ષો પહેલા કરવામાં આવ્યું હતું. વહિવટને સુદૃઢ કરવા માટે સાત કંપનીઓની રચના કરવામાં આવી. ઊર્જા ક્ષેત્રમાં નવી નવી પરિયોજનાઓ બનાવવામાં આવી અને સમયસર,



કાર્યદક્ષતાથી તેને કાર્યાન્વિત કરવામાં આવી જેના પરિણામસ્વરૂપે આજે ગુજરાત, દેશના કોઈ પણ રાજ્ય કરતા વીજ ઉત્પાદન, વીજ પ્રવહન, વીજ વિતરણમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શક્યુ છે. ઊર્જા ક્ષેત્ર સાથે સંલગ્ન તમામ કર્મચારીઓ -અધિકારીઓએ ખભેખભા મિલાવીને કામ કર્યુ છે. ત્યારે જેટકો અથવા યુજીવીસીએલને પોતપોતાના ક્ષેત્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે. આજે આપણી ઉપલબ્ધિઓને યાદ કરીને આપણી ભૂલોમાંથી શીખ મેળવીને અને આગળ વધવાનો સંકલ્પ કરવાનો દિવસ છે.

ગત વર્ષે આપણે સર્વશ્રેષ્ઠ ડિસ્કોમનો એવોર્ડ પ્રાપ્ત કરેલ. આ વર્ષે ભારત સરકારના સર્વેક્ષણ અનુસાર યુજીવીસીએલને એ-પ્લસ શ્રેણીમાં રાખવામાં આવેલ છે. તાજેતરમાં આપણે ગ્રીનેસ્ટ ડિસ્કોમની શ્રેણીમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યુ છે. આ વર્ષે યુજીવીસીએલના કર્મચારીઓ/ અધિકારીઓના સતત પ્રયાસોના કારણે તમામ પ્રદર્શન પ્રવૃતિઓમાં ઉત્કૃષ્ટ ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરતા મહત્તમ વળતર (ઈન્સેન્ટીવ) પ્રાપ્ત કર્યુ છે. આપણા ઈજનેરોએ ખેતરોમાં રહેતા ગ્રામિણ લોકોને ૨૪ કલાક વીજળી આપવા માટે એસટીડી (સ્પેશિયલ ડિઝાઈન્ડ ટ્રાન્સફોમર) અથવા પીએટી (પાયલોટ એડ્વાન્સ્ડ ટ્રાન્સફોમર)નો શોધ કરી છે. તાજેતરમાં યુજીવીસીએલને હરિયાણા સરકાર તરફથી લગભગ ૧૦૦૦ એસટીડી/પીએટી કાર્યરત કરવાનો ઓર્ડર મળેલ છે.

આપણા જેટકોના કર્મચારીઓના પરિશ્રમના કારણે જેટકો દેશની સર્વશ્રેષ્ઠ ટ્રાન્સમિશન કંપની તરીકે સન્માનિત થઈ છે. ગુજરાત રાજ્યને ઊર્જા ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ રાજ્યનું સ્થાન મળ્યું છે. આ તમામ સફળતાઓમાં જેટકો, જીસેક અને વીજ









### સન્માનિત તાંત્રિતક વિભાગના કર્મચારીઓની યાદી

| ક્રમ | નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી ડી.આર. પટેલ | લાઇન ઇન્સ્પેક્ટર | છાપી સબ ડિવિઝન |
| ૨. | શ્રી ડી.એસ. ફેરા | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ઉંઝા રૂરલ સબ ડિવિઝન |
| ૩. | શ્રી એ.વી. પટેલ | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | મોડાસા રૂરલ સબ ડિવિઝન |
| ૪. | શ્રી વાય.સી. ડાભી | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | મોડાસા રૂરલ સબ ડિવિઝન |
| ૫. | શ્રી કે.વી. તીડગર | લાઈમેન | મોડાસા રૂરલ સબ ડિવિઝન |
| ૬. | શ્રી એસ.કે. વણકર | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | મોડાસા રૂરલ સબ ડિવિઝન |
| ૭. | શ્રી જી.કે. પરમાર | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | મોડાસા રૂરલ સબ ડિવિઝન |
| ૮. | શ્રી અને.ડી. પટેલ | લાઇનમેન | બાયડ સબ ડિવિઝન |
| ૯. | શ્રી એસ.આર. વણકર | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | બાયડ સબ ડિવિઝન |
| ૧૦. | શ્રી ડી.કે. પટેલ | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | બાયડ સબ ડિવિઝન |
| ૧૧. | શ્રી કે.કે. પટેલ | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | બાયડ સબ ડિવિઝન |
| ૧૨. | શ્રી એન.ડી. મકવાણા | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | બાયડ સબ ડિવિઝન |

વિતરણ કંપનીઓના તમામ કર્મચારીઓનું યોગદાન સામેલ રહેલ છે. આપણે ભાગ્યશાળી છીએ કે આ વર્ષે સારો વરસાદ થઈ રહ્યો છે, પરંતુ વરસાદના દિવસોમાં ઝડપથી ફૂંકાતા પવનથી કે પછી ઘણી

### સન્માનિત રમત-ગમત ક્ષેત્રે પ્રસિદ્ધિ અપાવનાર કર્મચારીઓની યાદી

| નામ અને હોદ્દો | કામનુ સ્થળ | મેળવેલ સન્માન |
|---|---|---|
| શ્રીમતી આશાબહેન ખાલપાડા, નાયબ ઈજનેર | વિભાગીય કચેરી, બોપલ | ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન તેમજ ઓલ ઇન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ચેસ ટુર્નામેન્ટ માટે પસંદગી |
| નીતાબહેન સાટોડીયા, જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર | ઈન્ટર કંપની ટેઇનીકોઇટ ટુર્નામેન્ટમાં રનર્સ-અપ તેમજ ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ટેઇનીકોટ ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રી એસ.એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) | કોર્પોરેટ ઓફિસ | ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં ટીમ ઈવેન્ટમાં રનર્સ-અપ તેમજ ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ચેસ ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રી આર.પી. મિસ્ત્રી, જુનિયર ઇજનેર | વિભાગીય કચેરી, હિંમતનગર | ચેસ-ટીમ ઈવેન્ટમાં રનર્સ-અપ |
| શ્રી રીતેશ પંડ્યા, જુનિયર આસિસ્ટન્ટ | ધોળકા શહેર પેટા વિભાગીય કચેરી | ચેસ-ટીમ ઈવેન્ટમાં રનર્સ-અપ |
| શ્રી મૌલિક દિક્ષિત, જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી | ચેસ-ટીમ ઈવેન્ટમાં રનર્સ-અપ |
| શ્રી એચ.આર. નાયક,ઇલેક્ટ્રીકલ આસી. | પેટા વિભાગીય કચેરી જગુદણ | ચેસ-ટીમ ઈવેન્ટમાં રનર્સ-અપ |
| શ્રીમતી દિનાબહેન રાવલ, સિનિયર આસિસ્ટન્ટ | પેટા વિભાગીય કચેરી બોપલ | ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટમાં રનર્સ-અપ તેમજ ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની બેડમિન્ટન ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રી કે.એસ. સીંધી, નાયબ ઇજનેર | આરએન્ડસી ઓફિસ, મહેસાણા | ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની બેડમિન્ટન ટુર્નામેન્ટ માટે પસંદગી |

### ઉત્તરાખંડના આપત્તિગ્રસ્તો માટે રાહત સામગ્રી મોકલવાની ત્વરિત કામગીરી કરનાર સન્માનિત કર્મચારીઓની યાદી

| ક્રમ | નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી એન.એમ. જોષી | કંપની સેક્રેટરી | આરએન્ડસીઓ, મહેસાણા |
| ૨. | શ્રી જે.કે. દરજી | કાર્યપાલક ઇજનેર | વિભાગીય કચેરી, સિદ્ધપુર |
| ૩. | શ્રી એન.બી. પટલે | નાયબ ઇજનેર | વિભાગીય કચેરી, મહેસાણા |
| ૪. | શ્રી કે.કે. સથવારા | મેનેજર (સી.સી.) | આરએન્ડસી ઓફિસ,મહેસાણા |
| ૫. | શ્રી એસ.એ. નાયક | આસી.મેનેજર (પીઆર) | આરએન્ડસી ઓફિસ, મહેસાણા |
| ૬. | શ્રી જી.એસ. લેઉવા | અધિક્ષક (હિસાબનીશ) | આરએન્ડસી ઓફિસ, મહેસાણા |
| ૭. | શ્રી એ.કે. પટેલ | ટ્રેસર | વર્તુળ કચેરી, મહેસાણા |
| ૮. | શ્રી એસ.પી. ઠાકોર | જુનિયર ઇજનેર | ગાંધીનગર સ્ટોર |
| ૯. | શ્રી અલ્પેશ ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વર્તુળ કચેરી, સાબરમતી |
| ૧૦. | શ્રી અંકિત પંડ્યા | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, સાબરમતી |
| ૧૧. | શ્રી જે.જી. ત્રિવેદી | જુનિયર આસિસ્ટન્ટ | ઓગણજ સેક્શન ઓફિસ |
| ૧૨. | શ્રી નરેશ બારોટ | જુનિયર આસિસ્ટન્ટ | પેટા વિભાગીય કચેરી, નરોડા |
| ૧૩. | શ્રી ચંદુભાઈ પરમાર | પટાવાળા | વિભાગીય કચેરી, ગાંધીનગર |

વખત વીજળી ત્રાટકવાથી વીજ પુરવઠામાં ખલેલ પહોંચે છે. આજે જ્યારે આપણા રોજબરોજના જીવનમાં વીજળી એક આવશ્યક અંગ બની છે ત્યારે થોડા સમય માટે પણ વીજળી ન હોવાથી ગ્રાહકોની ફરીયાદોમાં ખૂબ વધારો થતો જોવા મળે છે. આપણા લાઈન-સ્ટાફ અને ઈજનેરો આવા સમયે આગળ વધીને દિવસ હોય કે રાત કોઈ પણ સમયે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરતા હોય છે. આજના દિવસોમાં આવા કેટલાંક લોકોની લગન અને સાહસને જોઈને તેઓને સન્માનિત કરવાનો નિર્ણય લીધો છે. હવે આવા દરેક મહત્ત્વપૂર્ણ ઉત્સવમાં અતિ વિશિષ્ટ કામોને યાદ કરીને તેઓને સન્માનિત કરવામાં આવશે.

આ તમામ કાર્યોની સાથે સાથે અમે સુરક્ષાને પ્રાથમિકતા આપીએ છીએ. તાજેતરમાં બનેલી ઘટનાઓ દ્વારા ઘણું દુઃખ થાય છે કે, આપણી કાર્યશૈલીમાં ક્યાંક ક્ષતિઓ રહી ગઈ છે જેના કારણે જાનહાનિ જેવી દુર્ઘટનાઓ બને છે. કંપની તરફથી દરેક શક્ય કોશિશ કરવામાં આવે છે કે જેથી દુર્ઘટનાઓ ન બને. કે આપના કાર્યક્ષેત્રમાં રહીને, સુરક્ષા-સાધનોની સાથે અને સંપૂર્ણ ધ્યાનપૂર્વક આપની ફરજ નિભાવો અને આપનો પરિવાર તકલીફમાં મુકાય તેવી કામગીરીથી દૂર રહેશો. મારી આપ સર્વેને ત્રણ વખત જય હિંદનો જયઘોષ કરવા અપીલ કરું છું.

જય હિંદ જય હિંદ જય હિંદ.

ધન્યવાદ. ■

# ગુજરાત વિદ્યુત બોર્ડથી કંપનીકરણના ઈતિહાસમાં પ્રથમ મહિલા મુખ્ય ઈજનેર શ્રીમતી છાયાબહેન આર. દેસાઈનો કારકિર્દી પરિચય



પોતાની આગવી પ્રતિભા દ્વારા 'વુમન ઇન પાવર સેક્ટર'નો એવોર્ડ કંપનીને અપાવનાર તથા ગુજરાત વિદ્યુત બોર્ડથી કંપની કરણના ઇતિહાસમાં પ્રથમ મહિલા મુખ્ય ઇજનેર શ્રીમતી છાયાબહેન દેસાઈએ અગાઉના ગુજરાત વિદ્યુત બોર્ડમાં તા. ૧૭-૮-૧૯૭૯થી પોતાની કારકિર્દી જુનિયર એન્જિનિયર તરીકે બારેજડી પેટા વિભાગીય કચેરીથી શરૂ કરેલ ત્યારબાદ સાબરમતી સર્કલ ખાતે બદલી મેળવી તા.૧૪-૮-૧૯૮૭ના રોજ મહેસાણા વિભાગીય કચેરી ખાતે નાયબ ઇજનેર તરીકે બઢતી મેળવેલ ત્યારબાદ સાબરમતી, ગાંધીનગર વિભાગીય કચેરી તેમજ સાબરમતી સર્કલમાં ફરજ બજાવેલ. તા. ૧૫-૭-૨૦૦૬ના રોજ કાર્યપાલક ઇજનેર તરીકે કોર્પોરેટ ઓફિસ ખાતે બઢતી મેળવેલ.

તા. ૧૦-૨-૨૦૦૯ના રોજ તેઓને અધિક્ષક ઇજનેર તરીકે મહેસાણા સર્કલ ખાતે બઢતી આપવામાં આવેલ. ત્યારબાદ તા.૨૭-૭-૨૦૧૧ના રોજ વિશેષ મુખ્ય ઇજનેર તરીકે બઢતી મેળવેલ. તાજેતરમાં તા.૧-૭-૨૦૧૩થી મુખ્ય ઇજનેર (ઓપરેશન) તરીકે બઢતી મેળવીને પોતાની ફરજ બજાવી રહેલ છે.

મોટેભાગે પોતાની કામગીરી દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં તેઓએ યશસ્વી કારકિર્દીનો વધારે સમય કંપનીના વિસ્તારક્ષેત્રના કાર્યક્ષેત્રમાં રહીને વીજ વિતરણ ક્ષેત્રનો બહોળો અનુભવ પ્રાપ્ત કરેલ છે. કંપનીના મહત્ત્વના એવા મુખ્ય ઇજનેર (ઓપરેશન)ના હોદ્દા ઉપર ઉત્તમ કામગીરી દ્વારા કંપનીની પ્રગતિમાં મહત્ત્વના યોગદાન આપે તેવી યુજીવીસીએલ પરિવાર તરફથી શુભેચ્છા પાઠવવામાં આવે છે. ■

## સેવા નિવૃત્ત મુખ્ય ઈજનેર શ્રી ડી.સી. પરમાર અને વિશેષ મુખ્ય ઈજનેર શ્રી ડી.એસ. પટેલને ભાવભરી વિદાય











શ્રી ડી.સી.પરમાર મુખ્ય ઇજનેર (ઓપરેશન) તથા શ્રી ડી.એસ. પટેલ વિશેષ મુખ્ય ઇજનેર તથા ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક તા.૩૦-૬-૨૦૧૩ના રોજ સેવા નિવૃત્ત તથા વિદાય આપવા માટેનું એક સમારંભ જીકેઇસી હોલ ખાતે આયોજીત કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ મુખ્ય ઇજનેર શ્રી (પીએન્ડપી) શ્રી એસ.આર. પટેલ, જનરલ મેનેજર (ફાઇનાન્સ) તેમજ કંપનીના ઉચ્ચ અધિકારીઓ, ભાઈઓ તથા બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી એસ.આર. પટેલ તથા શ્રી આર. બી. કોઠારીએ વિદાય લઈ રહેલ અધિકારીઓની સાથે કરેલ કામગીરીના સંસ્મરણોની યાદ તાજી કરી કામગીરીને બિરદાવેલ. પ્રમુખ સ્થાનેથી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે શ્રી ડી.સી. પરમાર અને શ્રી ડી.એસ. પટેલની એક જ દિવસે એક જ સાથે થઈ રહેલ વિદાય અંગે પ્રતિભાવ આપતા જણાવેલ કે, બંને અધિકારીઓ ઉચ્ચ સ્થાનેથી વિદાય લઈ રહેલ છે ત્યારે કંપનીને હવે પછીના સંજોગોમાં તેઓની યશસ્વની કામગીરીની ખોટ પડશે તેવું જણાવેલ.

તેમજ બંને બાહોશ અધિકારીઓ નિવૃત્તિબાદ પણ સુખ, શાંતિ અને સમૃદ્ધિમય જીવન વિતાવે તેવી શુભેચ્છા પાઠવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન નાયબ ઇજનેર શ્રી કે.ડી. બારોટ દ્વારા કારવામાં આવેલ. ■

# ઈન્ટર કંપની બ્રીજ ટુર્નામેન્ટમાં જીસેક ચેમ્પિયન

## યુજીવીસીએલ સતત બીજા વર્ષે રનર્સ-અપ




તા.૧૬-૧૭ ઓગસ્ટ ૨૦૧૩ દરમિયાન ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ના યજમાન પદે આઠમી ઈન્ટર કંપની બ્રીજ ટુર્નામેન્ટનું આયોજન મહેસાણા ખાતે શંકુ વોટરપાર્કની સામે આવેલ જનપથ હોટેલ ખાતે કરવામાં આવેલ.ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની તમામ વીજ કંપનીઓના કુલ ૪૨ (બેતાલીસ) જેટલા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. ખેલદીલી ભરી રમતને અંતે જીસેકની ટીમ ચેમ્પિયન બનેલ છે. જ્યારે યુજીવીસીએલની ટીમ સતત બીજા વર્ષે રનર્સ-અપ થયેલ છે. ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સભારંભમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. વાસ્તવ ઉપસ્થિત રહેલ. જેઓએ કંપના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબહેન દેસાઈ, કાર્યવાહક વિશેષ મહાપ્રબંધક શ્રી પી.જે. ત્રિવેદીની હાજરીમાં દિપ પ્રાગટ્ય કરીને તેમજ બ્રીજની રમત રમીને ટુર્નામેન્ટ ખુલ્લી મુકેલ.પ્રાસંગિક પ્રવચનમાં ખેલાડીઓને આવકારીને સફળતા માટે શુભેચ્છાઓ

**ઈન્ટર કંપની બ્રીજ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનેલ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.ના સભ્યો**

| ક્રમ | નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી જે.ટી. પેસ્વાની | અધિક્ષક ઈજનેર | સિક્કા ટીપીએસ |
| ૨. | શ્રી આર.એસ. ગુપ્તા | કાર્યપાલક ઈજનેર | સિક્કા ટીપીએસ |
| ૩. | શ્રી જી.સી. મહેતા | કાર્યપાલક ઈજનેર | કે.એલ ટીપીએસ |
| ૪. | શ્રી એન.જી. મહેતા | અધિક્ષક ઈજનેર | ગાંધીનગર ટીપીએસ |
| ૫. | શ્રી એસ.એમ. દલાલ | કાર્યપાલક ઈજનેર | એસ.એસ.એન.એલ. |
| ૬. | શ્રી બી.એ. જોશી | કાર્યપાલક ઈજનેર | કે.એલ ટીપીએસ |

**ઈન્ટર કંપની બ્રીજ ટુર્નામેન્ટમાં રનર્સ-અપ બનેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ના સભ્યો**

| ક્રમ | નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી એ.પી. પટેલ | આસી. પર્શોન્લ ઓફિસર | આરએન્ડસીઓ, મહેસાણા |
| ૨. | શ્રી કે.એસ. સિંધી | નાયબ ઈજનેર | આરએન્ડસીઓ, મહેસાણા |
| ૩. | શ્રી સી.વી. જોશી | નાયબ ઈજનેર | સિદ્ધપુર ડિવિઝન |
| ૪. | આર.એન. મોઢ | નાયબ ઈજનેર | સિદ્ધપુર રુરલ સબડિવિઝન |
| ૫. | એમ.પી. સાક્યા | નાયબ ઈજનેર (સિવિલ) | હિંમતનગર, સર્કલ ઓફિસ |
| ૬. | એ.કે. પટેલ | ટ્રેસર | મહેસાણા, સર્કલ ઓફિસ |



ચેમ્પિયન ટીમ જીસેક



રનર્સ-અપ ટીમ યુજીવીસીએલ

**ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલમાં પસંદગી પામેલ જીયુવીએનએલની ટીમના સભ્યો**

| ક્રમ | નામ | હોદ્દો | કામનું સ્થળ | કંપની |
|---|---|---|---|---|
| ૧. | શ્રી જે.ટી. પેશવાની | અધિક્ષક ઇજનેર | સિક્કા ટીપીએસ | જીસેક |
| ૨. | શ્રી જે.એસ. શાહ | કાર્યપાલક ઇજનેર | અમરેલી (ટીઆર) ડિવિઝન | જેટકો |
| ૩. | શ્રી એસ.જે. રૂપારેલ | કાર્યપાલક ઇજનેર | ધ્રાંગધ્રા (ટીઆર) ડિવિઝન | જેટકો |
| ૪. | શ્રી જી.સી. મહેતા | કાર્યપાલક ઇજનેર | કે.એલ. ટીપીએલ | જીસેક |
| ૫. | શ્રી એન.જી. મહેતા | અધિક્ષક ઇજનેર | કોર્પોરેટ ઓફિસ | જીસેક |
| ૬. | શ્રી એસ.એમ. દલાલ | કાર્યપાલક ઇજનેર | એસએસએનએલ, કેવડિયા | જીસેક |
| સ્ટેન્ડ બાય પ્લેયર | | | | |
| ૧. | શ્રી આર.એસ. ગુપ્તા | કાર્યપાલક ઇજનેર | સિક્કા ટીપીએસ | જીસેક |
| ૨. | શ્રી કે.એમ. પટેલ | પીઓ-૧ | ઓશોજ (ટીઆર) ડિવિઝન | જેટકો |









પાઠવેલ.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન. શ્રીવાસ્તવ કંપનીના મુખ્ય ઇજનેર (પીએન્ડપી) એસ.આર. પટેલ તથા અધિક્ષક ઇજનેર મહેસાણા, શ્રી એચ.એમ. રામી ઉપસ્થિત રહીને વિજેતા ખેલાડિઓને ટ્રાફી, ટી-શર્ટ અને મોમેન્ટો અર્પણ કરેલ.

પસંદગી પામેલ ખેલાડિઓને ઓફ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની ટુર્નામેન્ટ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાન ઉપસ્થિત ખેલાડિઓએ સ્પોર્ટ્સમેન સ્પિરિટ દર્શાવી ટુર્નામેન્ટને સફળ બનાવી. ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભનું સંચાલન શ્રી એસ.એ. નાયક, સ્પોર્ટ્સ સેક્રેટરી તથા આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) દ્વારા કરવામાં આવેલ. ટુર્નામેન્ટ ડાયરેક્ટર તરીકે શ્રી એચ.જી. દોશીએ તથા શ્રી કે.એમ. પટેલ નિવૃત અધિકારી દ્વારા સેવાઓ આપવામાં આવેલ. ■

# બેડમિન્ટન ટુર્નામેન્ટમાં પુરુષ વિભાગમાં ચેમ્પિયન બનતા શ્રી કમલ સિંધી અને મહિલા વિભાગમાં શ્રીમતી દિનાબહેન જે. રાવલ

### પુરુષ વિભાગમાં રર્નસ–અપ બનતા કંપની મેનેજિંગશ્રી એન.શ્રીવાસ્તવ અને મહિલા વિભાગમાં શ્રીમતી શિલ્પાબહેન પટેલ





તારીખ ૨૨-૬-૨૦૧૩ના રોજ મહેસાણા ખાતે આવેલ વણિકર કલબમાં આઠમી ઇન્ટર સર્કલ બેડમેમિન્ટન (ભાઈઓ તથા બહેનો માટે)ની ટુર્નામેન્ટનું આયોજન કંપનીની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસના યજમાન પદે કરવામાં આવેલ.

કંપની હસ્તકના તમામ સર્કલ ઓફિસ તથા કોર્પોરેટ ઓફિસના ભાઈઓ તથા બહેનોએ પૂરી સંખ્યામાં હાજર રહીને ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટનનાં સમારંભમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ, વિશેષ મુખ્ય ઇજનેર તથા ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક શ્રી ડી.એસ. પટેલે હાજર રહી ખેલાડીઓને ઉત્સાહ વધારેલ.

નોંધપાત્ર એ હતી કે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ સતત બીજા વર્ષે પણ બેડમિન્ટનના ખેલાડી તરીકે ભાગ લઈને કર્મચારીઓને પ્રોત્સાહિત કરેલ.



**ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટ સિંગલેચેમ્પિયન/રનર્સ-અપ પુરૂષોની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી કમલ એસ. સિંધી | નાયબ ઇજનેર | કોમર્સ વિભાગ, આર.ઓ. મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી એન. શ્રીવાસ્તવ | મેનેજિંગ ડિરેક્ટરશ્રી | આર.ઓ. મહેસાણા | રનર્સ-અપ |

**ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટ સિંગલ ચેમ્પિયન/રનર્સ-અપ મહિલાઓની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી દિનાબહેન જે. રાવલ | સિનિયર આસિસ્ટન્ટ | બોપલ સબડિવિઝન | ચેમ્પિયન |
| શ્રીમતી શિલ્પાબહેન એ. પટેલ | જુનિયર ઇજનેર | ચલાલ સબડિવિઝન | રનર્સ-અપ |

**ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટ ડબલ ચેમ્પિયન/રનર્સ-અપ પુરૂષોની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી એન. શ્રીવાસ્તવ | મેનેજિંગ ડિરેક્ટરશ્રી | આર.ઓ. મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી કમલ એસ. સિંધી | નાયબ ઇજનેર | કોમર્સ વિભાગ, આર.ઓ. મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી આર.એન. પરમાર | જુનિયર આઈ.ઓ. | મહેસાણા સર્કલ, ઓફિસ | રનર્સ-અપ |
| શ્રી પી.પી. પ્રજાપતિ | ઇલેક્ટ્રીકલ આસી. | ઇન્ડસ્ટ્રીયલ સબ જિવિઝન, મહેસાણા | રનર્સ-અપ |

**ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટ ડબલ ચેમ્પિયન/રનર્સ-અપ મહિલાઓની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી શિલ્પાબહેન એ. પટેલ | જુનિયર ઇજનેર | ચલાલ સબડિવિઝન | ચેમ્પિયન |
| કુ. રિનાબહેન એમ. જયસ્વાલ | જુનિયર ઇજનેર | હિંમતનગર, ટાઉન સબડિવિઝન | ચેમ્પિયન |
| શ્રીમતી દિનાબહેન જે. રાવલ | સિનિયર આસિસ્ટન્ટ | બોપલ સબડિવિઝન | રનર્સ-અપ |
| શ્રીમતી જે.આર. ગજ્જર | જુનિયર આસિસ્ટન્ટ | ચિલોડા, સબડિવિઝન-૨ | રનર્સ-અપ |

## ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામિન્ટમાં મહિલા વિભાગમાં રર્નસ–અપ બનાતા શ્રીમતી દિનાબહેન જે. રાવલ

તા.૯-૧૦ જુલાઈ ૨૦૧૩ દરમિયાન ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા આયોજીત અને એમજીવીસીએલના યજમાનપદે યોજાયેલ આઠમી ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામિન્ટમાં યુજીવીસીએલની મહિલા ટીમમાં પસંદગી પામેલ શ્રીમતી દિનાબહેન જે. રાવલ ફાઇનલમાં પ્રવેશ મેળવેલ. રસાકસીભરી ફાઇનલ મેચને અંતે તેઓ રર્નસ-અપ વિજેતા બનેલ છે.

તેઓને જીયુવીએનએલ તરફથી રર્નસ-અપ ટ્રોફી, ટીશર્ટ તથા મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ છે. શ્રીમતી દિનાબહેન રાવલ તથા શ્રી કમલ એસ. સિંધી સદર ટુર્નામિન્ટમાં ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની ટુર્નામિન્ટમાં પંસદગી પામીને યુજીવીસીએલનું ગૌરવ વધારેલ છે.

ઉદ્‌ઘાટન સમારંભમાં શ્રી ડી.એસ. પટેલે કંપનીની રમત-ગમત પ્રવૃત્તિઓ વિષે વિસ્તૃત માહિતી આપીને કર્મચારીઓને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા યોગ્ય વાતાવરણ પૂરું પાડવામાં આવે છે જેની માહિતી આપેલ. ખેલાડીઓને હારજીત બાજુમાં રાખીને એક ખેલાડી તરીકે રમતરમવા અનુરોધ કરેલ. જ્યારે પ્રમુખ સ્થાનેથી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા કર્મચારીઓ સાથે મળીને રમતગમતની પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે આનંદની લાગણી વ્યક્ત કરેલ.

સમાપન સમારંભમાં વિજેતા ખેલાડીઓને ટ્રોફી, ટીશર્ટ તથા મોમેન્ટો આપવામાં આવેલ અને ઇન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામિન્ટમાં વધુ પ્રભાવશાળી દેખાવ કરવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભનું સંચાલન શ્રી એસ.એ. નાયક, સ્પાર્ટ્સ સેક્રેટરી દ્વારા કરવામાં આવેલ. ■

**ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ પુરુષોની ટીમ**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | સર્કલ |
|---|---|---|---|
| શ્રી એન. શ્રીવાસ્તવ | મેનેજિંગ ડિરેક્ટરશ્રી | આર.ઓ. મહેસાણા | - |
| શ્રી કમલ એસ. સિંધી | નાયબ ઇજનેર | કોમર્સ વિભાગ, આર.ઓ. મહેસાણા | - |
| શ્રી આર.એન. પરમાર | જુનિયર આઈઓ | મહેસાણા સર્કલ, ઓફિસ | મહેસાણા |
| શ્રી પી.પી. પ્રજાપતિ | ઇલેક્ટ્રીકલ આસી. | ઇન્ડસ્ટ્રીયલ સબ જિવિઝન, મહેસાણા | મહેસાણા |
| શ્રી પ્રણય વાવડિયા | સિનિયર આસિસ્ટન્ટ | આર.ઓ., મહેસાણા | - |

**ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ મહિલાઓની ટી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | સર્કલ |
|---|---|---|---|
| શ્રીમતી દિનાબહેન જે. રાવલ | સિનિયર આસિસ્ટન્ટ | બોપલ સબડિવિઝન | સાબરમતી |
| શ્રીમતી શિલ્પાબહેન એ. પટેલ | જુનિયર ઇજનેર | ચલાલ સબડિવિઝન | હિંમતનગર |
| કુ. રિનાબહેન એમ. જયસ્વાલ | જુનિયર ઇજનેર | હિંમતનગર, ટાઉન સબડિવિઝન | હિંમતનગર |
| શ્રીમતી જે.આર. ગજ્જર | જુનિયર આસિસ્ટન્ટ | ચિલોડા, સબડિવિઝન-૨ | સાબરમતી |










# ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટમાં સતત બીજા વર્ષે હિંમતનગર ચેમ્પિયન

## સતત બીજા વર્ષે પાલનપુર રનર્સ–અપ







તા. ૧૪-૨-૨૦૧૩ના રોજ પાટણ ખાતે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ગ્રાઉન્ડ ખાતે મહેસાણા સર્કલ ઓફિસના યજમાનપદે તૃતિય ઇન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટ આયોજન કરવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપનીના તાબા હેઠળના તમામ સર્કલ અને કોર્પોરેટ ઓફિસની ટીમોએ ભાગ લીધેલ. રોમાંચક મેચોને અંતે ફાઇનલ મેચ પરંપરાગત હરિફ હિંમતનગર સર્કલ અને પાલનપુર સર્કલ વચ્ચે રમાયેલ. જેમાં હિંમતનગર સતત બીજા વર્ષે ચેમ્પિયન બનેલ છે. જ્યારે પાલનપુર સર્કલ સતત બીજા વર્ષે રનર્સ-અપ બનેલ છે.

કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારંભમાં પ્રમુખ સ્થાને શ્રી એચ.એમ. રામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા



ઉપસ્થિત રહીને ખેલાડીઓનો ઉત્સાહ વધારેલ. શ્રી એસ. વાય. ડામોર, નાયબ મહાપ્રબંધક, શ્રી વી.એચ. અસારી, ઔદ્યોગિક સબંધિત અધિકારી, શ્રી એસ.એલ. પટેલ પર્સોનલ ઓફિસર તથા પસંદગીકાર તથા ચીફ રેફી શ્રી વી.જી. ચૌધરી, શ્રી વી.એમ. શ્રોફ, કાર્યપાલક ઇજનેર, પાટણ, શ્રી વી.એચ. બટ્ટી, નાયબ ઇજનેરની હાજરીમાં શ્રી એચ.એમ. રામીના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી જે.એચ. રાવલ, ટાઇપિસ્ટ કોર્પોરેટ ઓફિસ દ્વારા ગણેશ સ્તુતિ રજૂ કરેલ જ્યારે શ્રી બી.જે. વસાવા, લાઇન મેન, ટીએમએસ પાટણ દ્વારા પ્રાર્થનાગીત તેમજ શૌર્યગીત રજૂ કરવામાં આવેલ.

ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી વી.એમ. શ્રોફ, કાર્યપાલક ઇજનેર દ્વારા સ્વાગત પ્રવચન દ્વારા તમામ ખેલાડીઓને આવકારવામાં આવેલ. શ્રી એસ.એલ. પટેલ પર્સોનલ ઓફિસર દ્વારા

### ઈન્ટર કંપની કબડ્ડી માટે પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ | સર્કલ |
|---|---|---|---|
| શ્રી એચ.આર. નિનામા | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, હિંમતનગર | હિંમતનગર |
| શ્રી એલ.ડી. પટેલ | સિનિયર આસિસ્ટન્ટ | પેટા વિભાગીય કચેરી, ગાંભોઈ | હિંમતનગર |
| શ્રી એમ.આર. અસોડા | વોચમેન | વર્તુળ કચેરી હિંમતનગર | હિંમતનગર |
| શ્રી સી.એમ. ચૌહાણ | જુનિયર આસિસ્ટન્ટ | પેટા વિભાગીય કચેરી, ચાણસ્મા | મહેસાણા |
| શ્રી જે.એમ. મન્સુરી | જુનિયર આસિસ્ટન્ટ | પેટા વિભાગીય કચેરી, ચાણસ્મા | મહેસાણા |
| શ્રી વી.આર. બારીયા | જુનિયર આસિસ્ટન્ટ | ધોળકા ટાઉન સબ ડિવિઝન | સાબરમતી |
| શ્રી એમ.આર. લોહ | જુનિયર આસિસ્ટન્ટ | કોઠ સબ ડિવિઝન | સાબરમતી |
| શ્રી આર.એમ. ચૌધરી | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ડીસા | પાલનપુર |
| શ્રી પી.પી. પટેલ | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, દાંતા | પાલનપુર |
| શ્રી એમ.કે. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ડીસા | પાલનપુર |











**ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટમાં ચેમ્પિયન થયેલ હિંમતનગરની ટીમ**

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી એચ.આર. નિનામા | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, હિંમતનગર |
| શ્રી એલ.ડી. પટેલ | સિનિયર આસિસ્ટન્ટ | પેટા વિભાગીય કચેરી, ગાંભોઈ |
| શ્રી એમ.આર. અસોડા | વોચમેન | વર્તુળ કચેરી હિંમતનગર |
| શ્રી એ.એસ. અસોડા | લાઇન ઇન્સ્પેક્ટર | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, હિંમતનગર |
| શ્રી એ.કે. ડામોર | જુનિયર આસિસ્ટન્ટ | પેટા વિભાગીય કચેરી, ભિલોડા-૧ |
| શ્રી એસ.ડી. ફનેજા | નાયબ અધિક્ષક (વહીવટ) | વિભાગીય કચેરી, ભીલોડા |
| શ્રી આર.એસ. કટારા | નાયબ અધિક્ષક (હિસાબ) | વિભાગીય કચેરી, તલોદ |
| શ્રી આઈ.જે. ગામેતી | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | પેટા વિભાગીય કચેરી, ખેડબ્રહ્મા |
| શ્રી કે.એસ. ગામેતી | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | પેટા વિભાગય કચેરી, ગાંભોઈ |
| શ્રી બી.આર. ઝાલા | ડ્રાઇવર | વિભાગીય કચેરી, ઇડર |

**ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટમાં રનર્સ-અપ થયેલ પાલનપુરની ટીમ**

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી આર.એમ. ચૌધરી | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ડીસા |
| શ્રી પી.પી. પટેલ | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, દાંતા |
| શ્રી એમ.કે. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ડીસા |
| શ્રી આર.એસ. માજીરાણા | પટાવાળા | પેટા વિભાગીય કચેરી, ઇકબાલગઢ |
| શ્રી આર. ડી. ચૌહાણ | લાઇનમેન | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, દાંતા |
| શ્રી એન.એમ. વરકે | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ડીસા-૨ |
| શ્રી પી.વી. પટેલ | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, દાંતા |
| શ્રી જે.એલ. પઢીયાર | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ડીસા-૨ |
| શ્રી પી.આર. ચૌધરી | ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ડીસા-૧ |
| શ્રી એન.જે. પરમાર | હિસાબી અધિકારી | પાલનપુર સર્કલ |

રમતગમત પ્રવૃત્તિઓમાં મહત્ત્વતા અને કંપનીના કામગીરીમાં પ્રભાવનો ચિતાર આપવામાં આવેલ. તેમજ ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંન્ટ્રોલ બોર્ડની ટુર્નામેન્ટમાં તેઓશ્રીને મેનેજર તરીકેના અનુભવને જણાવવામાં આવેલ.

શ્રી રામીએ પોતાના પ્રવચનમાં કોર્પોરેટ ઓફિસ દ્વારા ટુર્નામેન્ટનું ફાળવણી બદલ આભાર વ્યક્ત કરી ખેલાડીઓને ખેલદિલીથી ટુર્નામેન્ટ રમીને આયોજકોને સહકાર આપવા અનુરોધ કરેલ.

ઈનામ વિતરણ સભારંભમાં શ્રી એચ.એમ. રામી અધિક્ષક ઈજનેર તથા શ્રી વી.એચ. અસારીના વરદ હસ્તે ચેમ્પિયન તથા રનર્સ-અપ ખેલાડીઓને ટ્રોફી, ટીશર્ટ તથા મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવેલ. ઈન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ. ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભનું સંચાલન શ્રી એસ.એ. નાયક, સ્પોર્ટ્સ સેક્રેટરી તથા આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) દ્વાર કરવામાં આવેલ. પાટણ વિભાગીય કચેરીના ક્રિયએટીવ સ્પોર્ટ્સ કલબના સભ્યો તથા સ્પોર્ટ્સ કમિટીના સભ્યો (૧) શ્રી પી.સી. પટેલ, જુનિયર આસિસ્ટન્ટ, ચાણસ્મા, સબ ડિવિઝન (૨) શ્રી એચ.વી. વઢેર, જુનિયર આસિસ્ટન્ટ, પાટણ, ડિવિઝન (૩) શ્રી વી.આર. મોદી, જુનિયર આસિસ્ટન્ટ, વર્તુળ કચેરી, મહેસાણા (૪) શ્રી એમ.એ. હિંગુ, સિનિયર આસિસ્ટન્ટ, વર્તુળ કચેરી, મહેસાણા દ્વારા પ્રશંસનીય કામગીરી બજાવવામાં આવેલ. ■

# ઉત્તરાખંડના આફતગ્રસ્તોની મદદે યુજીવીસીએલ



ચોમાસા દરમિયાન ઉત્તરાખંડ રાજ્યમાં ત્રાટકેલી કુદરતી આફત દરમિયાન, ભારતભરમાંથી આ યાત્રાધામમાં આવેલા યાત્રાળુઓ અત્યંત વિકટ પરિસ્થિતિમાં મૂકાયા હતા. મુશ્કેલીના સમયમાં આફતગ્રસ્તોની ત્વરિત મદદે દોડવું એ ભારતીય પરંપરા રહી છે, એ પરંપરાને આગળ ધપાવતાં આપણી કંપનીએ પણ તાત્કાલિક પગલાં લઈને રાહત સામગ્રી એકત્ર કરવા માટે પ્રયાસો હાથ ધર્યા હતા. આ માટે કંપનીના કર્મઠ કર્મચારીઓની એક સમિતિ રચવામાં આવી હતી. જેમણે આફતગ્રસ્તોની મદદ માટે જરૂરી રાહતસામગ્રીની યાદી બનાવી, તેની ખરીદી કરી, યોગ્ય રીતે પેકિંગ કરીને બે ટ્રક દ્વારા ઉત્તરાખંડ સરકારશ્રીના અધિકારીઓને સુપરત કરવા સુધીની કામગીરી ઝડપભેર, પ્રશંસનીય રીતે પૂરી કરી હતી. કંપનીએ આશરે રૂ. ૨૫ લાખની રાહતસામગ્રીના આ યોગદાન દ્વારા વિપદાગ્રસ્તોની સમયસર મદદ કરીને પોતાની સામાજિક નિષ્ઠા દર્શાવી હતી. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા રાહત સામગ્રીના ટ્રકોને લીલી ઝંડી આપીને રવાના કરેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર શ્રીમતી છાયાબહને દેસાઈ, કંપની સેક્રેટરી, એમ.એન. જોષી, અધિક્ષક ઇજનેર, શ્રી બી.પી. બુચ, શ્રી એમ.બી. જાકાસણીયા, શ્રી વાય.એ. પરમાર ઉપસ્થિત રહેલ.

**યુજીવીસીએલ દ્વારા ઉત્તરાખંડના આપત્તિગ્રસ્ત પરિવારોને નીચે દર્શાવેલ સહાય આપવામાં આવેલ**

| ક્રમ | આઇટમ | જથ્થો | યુનિટ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મીઠુ | ૧ કિલોગ્રામ | ૧ કિલોગ્રામ |
| ૨ | મરચું (દળેલું) | ૫૦૦ ગ્રામ | ૫૦૦ ગ્રામ |
| ૩ | હળદર (દળેલું) | ૨૫૦ ગ્રામ | ૨૫૦ ગ્રામ |
| ૪ | ધાણા-જીરૂ (દળેલું) | ૨૫૦ ગ્રામ | ૨૫૦ ગ્રામ |
| ૫ | રાઈ | ૧૦૦ ગ્રામ | ૧૦૦ ગ્રામ |
| ૬ | સરસવ તેલ | ૧ લિટર | ૧ લિટર |
| ૭ | ચોખા | ૫ કિલોગ્રામ | કિલોગ્રામ |
| ૮ | મગદાળ | ૫ કિલોગ્રામ | કિલોગ્રામ |
| ૯ | ઘંઉનો લોટ | ૫ કિલોગ્રામ | કિલોગ્રામ |
| ૧૦ | ચણા | ૨ કિલોગ્રામ | કિલોગ્રામ |
| ૧૧ | દૂધ પાઉડર | ૧ કિલોગ્રામ | કિલોગ્રામ |
| ૧૨ | દાળીયા-ચણા | ૧ કિલોગ્રામ | કિલોગ્રામ |
| ૧૩ | પાર્લે ગ્લુકોઝ બિસ્કિટ | ૨ પેકેટ | પેકેટ |
| ૧૪ | ખાંડ | ૨ કિલોગ્રામ | કિલોગ્રામ |
| ૧૫ | ચા પત્તી | ૧ કિલોગ્રામ | કિલોગ્રામ |
| ૧૬ | સ્ટીલ પ્લેટ | ૬ નંગ | નંગ |
| ૧૭ | સ્ટીલના ગ્લાસ | ૬ નંગ | સેટ |
| ૧૮ | સ્ટીલની કટોરી | ૬ નંગ | સેટ |
| ૧૯ | સ્ટીલની ચમચી | ૬ નંગ | સેટ |
| ૨૦ | સ્ટીલની તપેલી | ૩ નંગ | સેટ |
| ૨૧ | સ્ટીલના ડબ્બા | ૩ નંગ | સેટ |
| ૨૨ | સ્ટીલની ગરણી | ૧ નંગ | નંગ |
| ૨૩ | સાણસી | ૧ નંગ | નંગ |
| ૨૪ | સ્ટવ | ૧ નંગ | નંગ |
| ૨૫ | મિણબત્તિ | ૫ પેકેટ | પેકેટ |
| ૨૬ | માચીસ | ૨ પેકેટ | પેકેટ |
| ૨૭ | ટોર્ચ-બેટરી પાવર સાથે | ૧ નંગ | નંગ |
| ૨૮ | ટૂથપેસ્ટ-બ્રશ-ઉલિયું | દરેક ૩ નંગ | સેટ |
| ૨૯ | કાંસકા | ૨ નંગ | નંગ |
| ૩૦ | નાનો અરિસો | ૧ નંગ | નંગ |
| ૩૧ | ધાબળા-કમ્બલ | ૩ નંગ | નંગ |
| ૩૨ | પાતળા ટુવાલ (હેન્ડલૂમ) | ૨ નંગ | નંગ |
| ૩૩ | નેપકીન | ૬ નંગ | નંગ |
| ૩૪ | સાડી | ૨ નંગ | નંગ |
| ૩૫ | ટેન્ટ | ૦૧ | ૦૧ |
| ૩૬ | તાડપત્રી | ૦૧ | ૦૧ |
| ૩૭ | રેનકોર્ટ | ૦૧ | ૦૧ |
| ૩૮ | બેટ શીટ (ચાદર) | ૦૧ | ૦૧ |
| ૩૯ | છત્રી | ૦૧ | ૦૧ |
| ૪૦ | પહેરવાની સ્લીપર | ૦૧ | ૦૧ |
| ૪૧ | પ્લાસ્ટિક ડોલ | ૦૧ | ૦૧ |
| ૪૨ | પ્લાસ્ટિક ટબ | ૦૧ | ૦૧ |
| ૪૩ | નાહવા સાબુ | ૦૧ | ૦૧ |
| ૪૪ | ધોવાનો સાબુ | ૦૧ | ૦૧ |

# યુજીવીસીએલ પરિવારનું ગૌરવ



**કુ. ઋતુ**
એચ.એસ.સી. (ધોરણ-૧૨), બી. ગ્રૂપ
**પર્સન્ટાઈલ રેંક :** ૯૩.૩૫
**વાલી :** શ્રી કે.ડી. બારોટ
**હોદ્દો :** નાયબ ઈજનેર,
આરએન્ડસી, ઓફિસ



**કુ. ઝૈનબ**
એચ.એસ.સી. (ધોરણ-૧૨ કોમર્સ)
**પર્સન્ટાઈલ રેંક :** ૮૮.૯૧
**વાલી :** શ્રી એમ.યુ. પોથીગરા
**હોદ્દો :** સિનિયર આસિસ્ટન્ટ, યુજીવીસીએલ
ડિવિઝન ઓફિસ, વિસનગર



**ચિ. જય**
એસ.એસ.સી. (ધોરણ-૧૦), એ. ગ્રૂપ
**પર્સન્ટાઈલ રેંક :** ૯૯.૯૯
**વાલી :** શ્રી દિનેશભાઈ પટેલ
**હોદ્દો :** ડેપ્યુટિ એન્જિનીયર,
વિજાપુર ડિવિઝન ઓફિસ



**ચિ. વિસર્ગ**
એસ.એસ.સી. (ધોરણ-૧૦)
**પર્સન્ટાઈલ રેંક :** ૯૯.૯૬
**વાલી :** શ્રી વિજયભાઈ ઠાકર
**હોદ્દો :** ડેપ્યુટી એન્જિનીયર, (એએલડીસી)
ગાંધીનગર



**ચિ. સાર્થક**
ન્યુ એસ.એસ.સી. (ધોરણ-૧૦)
**પર્સન્ટાઈલ રેંક :** ૯૮.૯૧
**વાલી :** શ્રી અરૂણ યુ. લાલચંદાની
**હોદ્દો :** ડેપ્યુટી એન્જિનીયર (પ્રોક્યોરમેન્ટ),
કોર્પોરેટ ઓફિસ, યુજીવીસીએલ. મહેસાણા



**ચિ. પ્રિયમ**
ન્યુ એસ.એસ.સી. (ધોરણ-૧૦)
**પર્સન્ટાઈલ રેંક :** ૯૫.૪૮
**વાલી :** શ્રી કે.ડી. બારોટ
**હોદ્દો :** નાયબ ઈજનેર,
આરએન્ડસી, ઓફિસ



**ચિ. ધવિલ**
ન્યુ એસ.એસ.સી. (ધોરણ-૧૦)
**પર્સન્ટાઈલ રેંક :** ૯૪.૨૮
**વાલી :** શ્રી જે. એચ. રાવલ
**હોદ્દો :** જુનિયર આસિસ્ટન્ટ, (ટાઈપીસ)
કોર્પોરેટ ઓફિસ, મહેસાણા



**ચિ. આનંદકુમાર**
(બી.ઈ.સી. ઈલેક્ટ્રોનિક્સ
એન્ડ કમ્યુનિકેશન એન્જિનીયરીંગ)
**પર્સન્ટાઈલ રેંક :** ૯૦.૪૦ (SPI)
**વાલી :** શ્રી વી.એ. પટેલ
**હોદ્દો :** નાયબ ઈજનેર,
આરએન્ડસી, ઓફિસ, મહેસાણા



**ચિ. અબ્દુલહાદી**
(બી.ઈ. મિકેનિકલ)
**પર્સન્ટાઈલ રેંક :** ૮.૫૨ (SPI)
**વાલી :** શ્રી એચ.યુ પોથીગરા
**હોદ્દો :** પી.એસ.ટુ. મેનેજિંગ ડિરેક્ટર
આર.એન્ડસી ઓફિસ, મહેસાણા



ડો. રીશી વસંતભાઈ પટેલ સુપુત્ર શ્રી વસંતભાઈ એ. પટેલ નાયબ ઈજનેર રજિસ્ટર્ડ એને કોર્પોરેટ ઓફિસ મહેસાણાએ તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ એમ.ડી. (રેડિયોલોજીસ્ટ)ની પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં ચોથા ક્રમાંક પ્રાપ્ત કરી યુજીવીસીએળનું ગૌરવ વધારેલ છે. યુજીવીસીએલ પરિવાર તરફથી તેઓને ખૂબ ખૂબ અભિનંદન.

# રિટાયરમેંટ

સમય કી રફતાર ઇતની તેજ હૈ કિ ઇન્સાન કહાં સે કહાં ઔર કૈસે મોડ પર આ કર રૂકતા હૈ, માલૂમ હી નહિ પડતા. ઔર એક દિન ઐસા આતા હૈ કી દિલ નહીં માનતા ફીર ભી દિલ કો મનાના પડતા હૈ. આજ હમ ઐસે ઇન્સાનો કે બારે મેં બતા રહે હૈ, કી અપનો સે જુદાં હોકર જા રહે હૈ, અપનો કે પાસ, અપને સમાજ કે પાસ, જો અપનો કે લીએ, અપને સમાજ કે લીએ કુછ સમય નહીં બિતાયા, યા થોડા સા હી સમય દિયા હૈ. ઉસકા એક ઔર ગમ હૈ, તો દૂસરી ઔર ખુશી. દોસ્તો, ગમ ઇસ લીએ હૈ, કી અપની ૩૦,૩૨ યા ૩૪ સાલ કિ નૌકરી અપને સહકર્મચારીઓ કે સાથ અપની કંપની મેં બિતાઈ હૈ, અપની હરેક દિલ કી બાત અપને સાથી કર્મચારીઓ કો બતાઈ હૈ, અપને પરિવાર સે જ્યાદા હમારે સાથ સમય બિતાયા હૈ, ઉનકી હરેક મુશ્કિલ હમને સાથ મિલકર મિટાઈ હૈ. જીસને અપના પરિવાર, અપની કંપની ઔર અપને સાથીઓ કો બનાયા હૈ, ઉસે છોડકર આજ જાના હૈ. ખુશી ઇસ બાત કિ હૈ કિ, આજ સે અપનોં કે સાથ અપને સમાજ કે સાથ જિંદગી બિતાની હૈ. અપને બચ્ચો, અપને પરિવાર, અપને સમાજ કો સંવારના હૈ.

દોસ્તો, મેરી સમજ સે હમારી જિંદગી કે ભી તીન અધ્યાય હૈ, બચપન સે પઢાઈ, પઢાઈ સે નોકરી તક ઔર નોકરી સે રિટાયરમેંટ તક. રિટાયરમેંટ કિ બાત આતી હૈ તો ઇન્સાન નર્વસ હો જાતા હૈ. ઇન્સાન અંદર હી અંદર તૂટતા જાતા હૈ. ક્યુ કિ કલ સે વો પરાયા હો જાતા હૈ. મગર ઉનકે લિયે ભીં હમને કુછ લમ્હે બનાએ હૈ. તો આઓ કુછ પેશ કરે અપને દોસ્તો કે લિયે...



જિંદગી કા અબ નયા અધ્યાય શુરૂ હુવા યાર
ખુશ રહેના તુ સદા મેરે યાર...
જીના પડેગા મેરે યાર, મેરે યાર...
ખુશ રહેના તુ સદા મેરે યાર...
કોઈ માને યા ના માને, કોઈ સમજે યા ના સમજે
મન કો રખના બડા યાર, મેરે યાર...
ખુશ રહેના તુ સદા મેરે યાર...
જબ લગે અકેલાપન, દોસ્તો કિ આયે યાદ,
મિલને આના મેરે યાર, મેરે યાર...
ખુશ રહેના તુ સદા મેરે યાર...
અબ જુદાઈ કા દિન આ ગયા મેરે યાર...
અબ બિછડને કા દિન આ ગયા મેરે યાર...
હમારા દિલ ના માને યાર, મેરે યાર...
ખુશ રહેના તુ સદા મેરે યાર... મેરે યાર...



**એ.પી. રાણા,**
જુનિયર આસિસ્ટન્ટ (હા.સ.ડી.) મહેસાણા


# એક ગુલાબ

પ્રેમ એક મહાન અભિવ્યક્તિ છે. તેને સાચા અર્થમાં સમજવો અને તેને જીવનમાં ઉતારવો ખૂબ જ ગહન છે. સંત કબીરજીએ ખરેખર સાચું જ કહ્યું છે કે, ‘‘ઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે સો પંડિત હોય.’’

પરંતુ, આજના આ બદલાયેલા જમાનાની તાસીરમાં ખરેખર સાચા પ્રેમને સમજવાવાળા કેટલા? અને આ બાબતે આજના આ રંગીન માહોલમાં માણસોના મન કેવાં છીછરાં થઈ ગયા છે, તે દર્શાવતી એક ઘટના...

એક શહેરમાં એક છોકરો એક સારી કંપનીમાં જોબ કરતો હતો. તેના ઘરેથી તેની ઓફિસે જવા દરરોજ સવારે તે સીટીબસમાં નીકળતો. આ સીટીબસમાં જ એક છોકરી પણ દરોજ અપડાઉન કરતી હતી. આ છોકરો દરરોજ આ છોકરીને ધ્યાનથી નીરખતો અને ધીરેધીરે તે તેને મનોમન પ્રેમ કરવા લાગ્યો. તેના પ્રેમની અભિવ્યક્તિ પેલી છોકરી આગળ કેવી રીતે કરવી તે વિશે તે દરરોજ વિચારતો અને એક દિવસ તેણે હિંમત કરીને પેલી છોકરીને એક પત્ર લખ્યો અને પત્રમાં તેના પ્રત્યેના પ્રેમનો એકરાર કર્યો અને વિશેષમાં ખાસ ઉલ્લેખ કર્યો કે, ‘‘હું તને રૂબરૂ મળવા માગું છું, તું મને આજે સાંજે પાંચ વાગે ગોલ્ડન ગાર્ડનમાં અચૂક મળજે. તું આવીશ તેનો મને સંપૂર્ણ વિશ્વાસ છે.’’ પત્ર વાંચી છોકરીએ તેના તરફ એક સુમધુર સ્માઇલ વેર્યું. સાંજે નિયત સમયે તે છોકરો અને છોકરી બંને મળ્યા. છોકરાએ છોકરીને એક ગુલબનું ફૂલ આપ્યું અને એક પત્ર આપ્યો, જેમાં લખ્યું હતું. "I lOVE YOU" પત્ર વાંચી છોકરીએ તે પત્રની બીજી બાજુએ એક વાક્ય લખ્યું કે ‘‘હું મૂંગી છું, અબોલ છું, મારે વાચા નથી.’’આટલું લખીને તે પત્ર તેણે પેલા છોકરાને આપ્યો. પત્ર જોઈને છોકરો ખૂબ જ રોમાંચિત થઈ ગયો અને પત્ર ખોલીને તેમાં શું લખ્યું છે, તે વાંચવા માંડ્યો. પત્રનું લખાણ વાંચીને તરત જ તે છોકરો પાછું વળીને જોયા વિના જ સડસડાટ દોડીને ત્યાંથી ભાગવા લાગ્યો અને આ જોઈને પેલી છોકરી એકદમ જોરથી બોલી ઊઠી કે, ‘‘અલ્યા એ, તારું ગુલાબ તો લેતો જા. ’’

આ અંગે વધુ કંઈ પણ કહેવાની જરૂર નથી. આટલું વાંચીને જ આપણે સમજી શકીએ છીએ કે, આજકાલનો પ્રેમ કયા પ્રકારનો છે.



**શ્રી એચ.એમ. રામી,**
અધિક્ષક ઇજનેરશ્રી વર્તુળ કચેરી,
યુજીવીસીએલ, મહેસાણા



## તારા વિના...

આમ તો હું સવારનો ઉજાસ છું,
પણ તારા વિના, સાંજ પછીનું અંધારુ છું.

તરસતી આંખે આ કુદરત નીરખી રહ્યો છું,
પણ તારા વિના, દયમાં કોઈ વસતું નથી.

ફોડી પથ્થર ઝરણાં વહાવી શકું છું,
પણ તારા વિના, ના પાંદડુ હલાવી શકું છું.

આખી દુનિયા આ હાથથી જીતી શકું છું,
પણ તારા વિના, જીતની બાજી હારું છું.

તને ભૂલી જવું બહું જ અઘરુ છે,
ને તારા વિના આ જીવન અધૂરુ છે.

મે તારા વિના જિંદગી જીવી લીધી છે,
બસ, જબાન ત્યારથી સીવી લીધી છે.



**જે.કે. દરજી,**
નાયબ ઈજનેર વર્તુળકચેરી, મહેસાણા

## તુ, તુ અને ફક્ત તું જ

ગઈ સાંજે,
મારી હથેળીમાં,

ઊગી નીકળેલાં,
તારા સ્પર્શનાં ફૂલો,

અંગાર બનીને,
સળગી રહ્યાં છે,

આખી રાત,
આજે સવારે,

રાખમાંથી ઊઠીને,
ફરીથી, ઝંખું છું,

એ સ્પર્શની,
મ્હેંક ને...



**એસ.બી.લિંબાચીયા,**
નાયબ ઈજનેર, આર.એસ.ઓ, મહેસાણા

## દિલનું સ્થાન દિમાગને આપતો હું

જીવનપથ પરનો અજાણ્યો મુસાફર હું
પ્રેમની ડગર પર વર્ષા માટે તરસતો હું

લાગણીની કેડી પકડવા માટે વિહવળતો હું
વિશ્વાસના મેદાનમાં નિ-શ્વાસ લેતો હું

આશાની મંજિલ પર છેડો જોતો હું
મનોબળને ચોમેરથી પિંખાતું જોતો હું

સફળતાના અંતનો રસ્તો જોતો હું
પ્રભાતમાં અસ્તની હાજરી જોતો હું

જીંદગીમાં મોતના સ્વપ્ના જોતો હું
ખુશીમાં વેદનાની કતાર જોતો હું

દયામાં ક્રૂરતાનો છાંટો નીખરતો હું
હાસ્યની દુનિયામાં હરદમ રોતો રહેતો હું

અધિકારને ફરજો જ સમજતો હું
દિલનું સ્થાન દિમાગને આપતો હું

સ્વને ખત્મ કરવાની લાલસા રાખતો હું
જ્યોતને અંધારી દિશા બતાવતો હું

પ્રીતને મૃત રાહ પર ધકેલતો હું
હું હોવા છતાં હર્ષને ન ઓળખતો હું



**એચ.બી. પટેલ,**
નાયબ ઈજનેર, આર.એસ.ઓ., નારોલ

# અનેક જીવનમાં રોશનીનો આધાર છીએ આપણે,
# સતત સાવધ, સચેત કરીને કામ કરીએ આપણે



સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

UGVCL

## આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com